Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# હિંદ સ્વરાજ ક્ષેત્રે આર્થિક વિચારોના પાયાના સિદ્ધાંતો : ગાંધીજી

ડૉ.પ્રકાશભાઈ પટેલ
આર્ટ્સ – કોમર્સ કૉલેજ,વડનગર

**પ્રસ્તાવના :**

ગાંધીજીનું 'હિંદ સ્વરાજ્ય' તેમની આત્મકથાની હરોળમાં મુકી શકાય તેવું દીર્ઘજીવી પુસ્તક છે. ૧૯૦૯ની સાલમાં લંડનથી પરત ફરી રહ્યા હતા ત્યારે કિલડોનિયમ જહાજમાં આ પુસ્તક લખાયું છે. લખતા તેમનો જમણો હાથ થાક્યો ત્યારે ડાબા હાથે લખ્યુ. દક્ષિણ આફ્રિકાથી પ્રગટ થતા 'ઈન્ડિયન ઓપીનિયન'માં મૂળ ગુજરાતીમાં લેખ સ્વરૂપે લખાયેલ અને બાદમાં પુસ્તક સ્વરૂપે લખાયેલ અને બાદમાં પુસ્તક સ્વરૂપે લખાયેલ. જે બ્રિટિશ સરકારે તેની પર પ્રતિબંધ મુક્યો હતો. આ પુસ્તકને માત્ર હિન્દના જ નહિ માનવ માત્રના જીવનને યોગ્ય માર્ગે લઈ જનાર એક પથદર્શક ગણી શકાય. ૧૯૦૯માં લખાયે 'હિન્દ સ્વરાજ' ૧૯૨૧માં ગાંધીજીએ ખુદ 'જીવનના સંપૂર્ણ સિદ્ધાંત તરીકે ઓળખાવેલ.' તેમજ ૧૯૩૮માં તેમણે કહેલું 'મને તે વખતે લખેલ મારા લખાણમાં દર્શાવેલ વિચારોમાં ફેરફાર કરવાને સારુ એક પણ કારણ જડતું નથી' પ્રસ્તુત પુસ્તકમાં તે વખતના પ્રચલિત અને સ્વીકાર્ય ગણાતા દરેક રાજકીય અને આર્થિક સિદ્ધાંતોને પડકાર ફેક્યો છે. જે આજે પણ તેમના એ વિચારોને ભાગ્યે જ કોઈ પડકારી શક્યું છે. એટલું જ નહી નૈતિકતા, આધુનિકતા, શોષણમુક્ત સમાજ રચના વગેરે સૂત્રોચ્ચર સાથે આજે અનેક દેશોમાં વિવિધ રાજકીય અને આર્થિક ચળવળો ચાલી રહી છે. જે સૌને 'હિન્દ સ્વરાજ'માં ગાધી ચિધ્યા માર્ગે જાણે અજાણે ચલાવી છે. આ સાબિત કરે છે કે જે સાહિત્ય સમય, કાળ અને સ્થળનો અતિક્રમીને દીર્ધાયુ બને તે લેખકના અનુભવથી મળેલ જીવનની પરિપાક હોય છે. જો કે તેના ગ્રામ સ્વરાજના વિચારે, અત્યારના સમય મુજબ ચાલી શકે તેમ નથી. પણ અલ્પ વિકસિત અને વિકાશસીલ દેશો માટે તેમની પરંપરાને અનુસંધાન જાળવવું હિતાવહ છે. તેઓ રસ્કિનને અનુસરતા હોવાથી સ્પષ્ટ કહેતા હતા કે વકીલ અને વાળંદનો પગાર સરખો હોવો જોઈએ. આ તેમની આવકની સમાન વહેંચણીનો ભાવ આજે પણ એટલો જ ઉપયોગી પુરવાર થાય છે. અહીં ગાંધીજીનું ક્રાંતિકારી તત્વજ્ઞાન બળકટ શૈલીમાં પ્રગટ થયેલ સ્પષ્ટ જોઈ શકાય છે. ગાંધીજીના હિન્દ સ્વરાજ્યનું અર્થશાસ્ત્ર માનવ અર્થશાસ્ત્ર છે. તેઓ એ ૧૯૪૫માં જવાહરલાલ નહેરુને પત્રમાં લખ્યું હતુ. ૧૯૦૯માં જવાહરલાલ નહેરુને પત્રમાં લખ્યું છે તેની સત્યતાન પુષ્ટિ સ્વાનુભવથી થઈ છે. તેમની આ વાત જ 'હિન્દ સ્વરાજ'ની પ્રમાણભુતતા પ્રદર્શિત કરે છે. આ પુસ્તક વાચક અને લેખકના કલ્પિત સંવાદ સ્વરૂપે આલેખાયેલું છે.

**આર્થિક વિચારોના પાયાના સિદ્ધાંતો :**

**૧. માનવનું સૌથી અધિક મહત્વ : પૂર્ણ રોજગાર**

- ગાંધીજીના વિચાર પ્રમાણે પ્રત્યેકને આજીવિકા મેળવવાનો હક છે. બીજા શબ્દોમાં પૂર્ણ રોજગારીનું ધ્યેય હોવું જોઈએ. વ્યક્તિ પોતાની શક્તિ મુજબ કામ મેળવે અને સ્વકમાણી મેળવી શકે.
- દરેક માણસને જીવવા માટે હક્ક છે. અને તે કામ કરી તે ખાવા, પીવા, પહેરવા અને રહેઠાણને માટે જરૂરી વસ્તુઓ મેળવી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.
- પૂર્ણ રોજગારીનું ધ્યેય તેમને માટે એટલું મહત્વનું છે કે તેની ગેરહાજરીને શરમજનક સ્થિતિ તરીકે ઓળખાવે છે.
- રોજગારી મેળવીને કામ કરીને જ વળતર આપવાની વાતમાં ગાધીજી એટલા સ્પષ્ટ હતા કે ગરીબી દૂર કરવા માટે સદાવ્રતો ખોલવાનો વિરોધ કરીને પરિશ્રમાલયો ખોલવાનું સૂચન કરતા હતા. આમ, ગરીબી દૂર કરવા માટે પણ કામ તો કરવાનું જ તેવું તેમનું ધ્યેય હતું.
- મારી પાસે સત્તા હોય તો હું બધા સદાવ્રત બંધ કરાવી દઉં. દાતાઓ પરિશ્રમાલયો ખોલે જ્યાં ભજન માટે કામ કરવા ઈચ્છતા સ્ત્રી-પુરુષોને આરોગ્યપ્રદ અને સ્વચ્છ વાતાવરણમાં કામ આપીને ભોજન આપે શરત માત્ર એટલી કે મજુરી ન કરે તેને ભોજન મળે નહી.

**૨. શારીરિક શ્રમનું સમાન મહત્વ :**

- ગાંધીજીના સમયકાળમાં વૈશ્વિક શ્રમનું મહત્વ શારીરિક શ્રમની તુલનામાં ઉંચુ આંકવામાં આવતું હતુ. આ પરિસ્થિતિના સંદર્ભમાં ગાંધીજી શારીરિક શ્રમનું મહત્વ સમાન ધોરણે લાવવાનું ધ્યેય રાખતા હતા.

બૌદ્ધિક શ્રમની કિંમત હું ઓછી આંકતો નથી. પણ ગમે તેટલે બૌદ્ધિક શ્રમ શારીરિક શ્રમની અવેજીમાં ન ચાલી શકે.

બુદ્ધિશાળી વ્યક્તિઓ તેમની અસામાન્ય શક્તિનો ન્યાયી ઉપયોગ કરી વધુ કમાણી કરી શકે તે શક્યતા ને ગાંધીજી આવકારે છે. પરંતુ તેમ કરવાથી તેમનું મહત્વ શારીરિક શ્રમથી વધી જવું જોઈએ. તે સ્વીકારતા નથી. બૌદ્ધિક શ્રમ કરનારે પણ શારીરિક શ્રમ કરવો જોઈએ તેમ તેઓ માન છે. બંને પ્રકારના શ્રમ અર્થવ્યવસ્થામાં એક સરખા ઉપયોગી છે. બુદ્ધિશાળી માણસને વધુ કમાણી કરવા દેવાની તક આપી ને સમાજ વધારે કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે માગે છે.

બધા ભંગીઓને, દાકતરોન વકીલોને, શિક્ષકોને, વેપારીઓને અને બીજાઓને એક દિવસની પ્રમાણિક મજુરીના બદલામાં સરખો પગાર, વેતન અથવા મજુરી મળવી જોઈએ. એ વિષે મારા માનમાં રજભાર શંકા નથી. હિદી સમાજ એ ધ્યેયને પૂરેપુરુ સિદ્ધ ન કરી શકે એમ બને.

**૩. આર્થિક સમાનતા :**

ગાંધીજી વ્યવહાર વિચારક છે. તેઓ માને છે કે બધાની જરૂરિયાત એક જ સરખી ના હોઈ શકે આ સંજોગોમાં દરેકની ન્યાયી જરૂરિયાત સંતોષાય તેટલી આવક તો તેને મળવી જ જોઈએ. આ પાયાની મૂળભૂત વાત છે.

'આર્થિક સમાનતાનો એ અર્થ અવસ્ય છે કે સહુની પાસે સુખેથી રહી

શકાય એવાં ઘરબાર, વસ્ત્ર અને ખાવાનું હશે અને જે ખૂની અસમાનતા આજે પ્રવર્તે છે એ કેવળ અહિંસક ઉપાયોથી નાબૂદ થઈ જશે.'

'કોઈને પોતાની ઓછામાં ઓછી જરૂરિયાતથી કશું વધારે ચડિયાતું ન મળવું જોઈએ એવી મનાઈ ફરમાવા હું નથી માંગતો પણ એ બધુ ગરીબ વર્ગની પાયાની જરૂરિયાતો પુરી પાડે છે. તે પછી જે કંઈ પહેલું કરવા જેવું છે તે પહેલું જ થવું જોઈએ.'

ગરીબ વર્ગની પાયાની જરૂરિયાતોમાં શેનો સમાવેશ કરવો તે અંગે ગાંધીજી સ્પષ્ટ વિચારો આપે છે. 'એક વ્યક્તિને ૩૬૦૦ કેલરી રોજિંદી શક્તિ, દરેક વ્યકિતને ૧૦૦ ચો.ફુટ રહેવાની જગા અને ૧૪ વાર કપડું આટલું તો હોવું જ જોઈએ. મારી દૃષ્ટિએ પ્રત્યેક વ્યક્તિને, નાગરિકને આ સગવડો, પ્રાપ્ત થવી જોઈએ.'

મારા ખ્યાલ મુજબની આર્થિક સમાનતાનો અર્થ એવો નથી કે દરેક દરેક જણ સરખી રકમનો ધણી હોય. તેનો અર્થ એટલે જ કે દરેક સ્ત્રી યા પુરુષને પોતપોતાની જરૂરિયાત મુજબ મળવું જોઈએ. કીડીને કણ જોઈએ અને હાથીને મણ પણ તેથી એ બંને વચ્ચે અસમાનતા છે. તેમ ન કહેવાય એટલે આર્થિક સમાનતાનો સાચો અર્થ એ છે કે દરેકને પોતાની જરૂરિયાત પ્રમાણે મળે. એક છેડો આદમી બીજી સ્ત્રી અને ચાર છોકરાવાળા માણસના જેટલું જ સારે પણ જોઈએ એમ કહે તો આર્થિક સમાનતા સિદ્ધાંતનો ભંગ થયો કહેવાય.

આર્થિક સમાનતાના સંદર્ભમાં જ ગાંધીજીએ પોતાની જરૂરિયાતો એટલી હદે ઘટાડી નાખી હતી કે ભારતમાં સામાન્ય પ્રજાજનને પ્રાપ્ય હોય તેટલો જ ખોરાક, લઘુતમ કપડા અને સંપૂર્ણ સાદગી આ રીતે ગાંધીજીએ આર્થિક અસમાનતાને જીવી બતાવી હતી. તેમની પુરેપુરી આવા અને તેમને મળતા અવિરત દાન તેમણે પ્રજાના ઉપયોગ માટે જ વાપર્યા હતા. પોતાને માટે અથવા પોતાના પરિવાર માટે વાપર્યા ન હતા.

૪. **સ્વદેશી** :

ગાંધીજીએ સ્વદેશીને આર્થિક લક્ષ્યાંક બનાવ્યું હતું. ભારતનું આર્થિક સ્વાલંબન હશે તો જ ભારતીય પ્રજાની સ્વતંત્રતા ટકી શકશે તેવું ગાંધીજી જાણતા હતા.

સ્વદેશી ધર્મને તેનું પ્રજાનું આર્થિક કલ્યાણ કરવાનો અને તેને આર્થિક સ્વાવલંબન આપવાનો હતો.

પરદેશી કપડના બહિષ્કારની જરૂર અંગ્રેજોને શિક્ષા કરવા માટ નથી, પણ ભુખી મરતા કરોડોને રેટિંયા દ્વારા કામ આપવા અને તે દ્વારા અન્ન આપવા માટે છે.

તેઓ જણાવતા કે કુદરત માણસની જરૂરિયાતો સંતોષવા પર્યાપ્ત આપેલું છે. માણસની લાલસા સંતોષવા પર્યાપ્ત નથી.

સ્વદેશી એક ધાર્મિક નિયમ છે અને કદી કોઈ વ્યક્તિને શારીરિક અગવડ વેઠવી પડે તો પણ તેનો વિચાર કર્યા વિના તેનું પાલન કરવાનું છે. અને તેમ કરવા જતાં એક સોય કે ટાંકણી વાપરવી છોડી દેવી

પડે તો તેથી આપણને મૂઝવણ ન થવી જોઈએ. ભગવતી ગીતા શ્લોક ૩/૨૧ ને ટાંકીને ગાંધીજી કહે છે, 'લોકો શિષ્યોને પગલે ચાલે છે. પ્રજાનો વિચારશીલ વર્ગ સ્વદેશી વ્રત અંગીકાર કરે તતો સહેલો બની જાય.'

શ્રેષ્ઠ લોકો કરે જે જે તે જ અન્યજનો કરે, એ જેને માન્યતા આપે તે રીતે લોક વર્તતા. ઉપર મુજબ સ્વદેશીનો આગ્રહ કેટલો સ્પષ્ય છે તે સમજી શકાય છે. જો પ્રજા આ રીતે સ્વેચ્છાથી સ્વદેશી ધર્મ ન સ્વીકારે તો અપવાદ રૂપે કાયદો કરીને પણ સ્વદેશીનો આચરણ ચાલુ રહેવું જોઈએ તેવું તેઓ દૃઢ રીતે માને છે.

સ્વદેશી અંગેના તેમના વિચારોને સ્પષ્ટ કરતાં તેમણે સમજાવ્યું છે કે દેશમાં ઉત્પન્ન થતાં ઉત્પાદનો, ભારતની પ્રજા તેનો ઉપયોગ કરે તે ઉપરાંત ભારતમાં ગૃહઉદ્યોગ, નાના ઉદ્યોગો અને ગ્રામ્ય ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થયેલી વસ્તુઓનો ઉપયોગ કરે. જેના પરિણામે દેશમાં રોજગારીની તકો વધે અને સમગ્ર દેશનો આર્થિક વિકાસ થાય. પરદેશમાં ઉત્પન્ન થયેલ ઉત્પાદનો બને ત્યાં સુધી ન જ વાપરવાં તેવો આગ્રહ રાખે છે.

૫. **સ્વાવલંબન** :

આપણી પહેલી ફરજ છે કે આપણે સમાજ ઉપર બોજારૂપ ન થવું જોઈએ. એટલે કે આપણે સ્વાવલંબી થવું જોઈએ. આ રીતે જોતા સ્વાવલંબી થવું એ પણ એક પ્રકારની સમાજ સેવા છે. સ્વાવલંબી થયા પછી આપણે આપણો ફુરસદનો સમય બીજાની સેવા માટે વાપરવો પડે.

'સ્વાવલંનની મારી કલાના એવી છે કે અનાજ, કપડાં વગેરે પાયાની જરૂરિયાતો સંબંધમાં ગામડાં સ્વાવલંબી બને. સ્વાવલંબનનો અર્થ કૂપમા કૂંકતા નથી. કોઈ પણ સ્થિતિમાં આપણે બધી ચોજો પેદા કરી શકીએ નહી. આપણું ધ્યેય પૂર્ણ સ્વાલંબન છે. છતાં જે વસ્તુઓ આપણે ગામડામાં પેદા ન કરી શકીએ તે આપણે બહારથી લાવવી પડશે અને તેના બદલામાં આપવા માટે આપણી આવશ્યકતાથી વધારે પેદા કરવું જ પડશે.

૬. **વાલીપણાનો સિદ્ધાંત** :

વાલીપણાના સિદ્ધાંત દ્વારા એક નવીન આર્થિક વ્યવસ્થાનું સર્જન કરાય છે. તેમાં ધનિકો, મૂડીપતિઓ અને જમીનદારો તેમની કમાણીના વાલી બનીને સમગ્ર સમાજનું કલ્યાણ કરવાની ભાવના ધરાવે છે. આ વ્યવસ્થા આદર્શ છે અને અહિંસક અર્થવ્યવસ્થા માટે અનિવાર્ય છે. તેની સંપૂર્ણ પ્રાપ્તિ અશક્ય છે. પરંતુ તે તરફનો અભિગમ જ સફળતા અપાવશે તેવી ગાંધીજીને શ્રદ્ધા છે. વાલીપણાનો સિદ્ધાંત ઉપનિષદના પ્રથમ શ્લોકની ભાવનામાંથી જન્મ્યો છે. સ્નેલના કાયદાની વધુ સમજણમાંથી પ્રેરણા પામ્યો છે. તેમ છતાં ગાંધીજીએ આ વાતને વ્યવહારમાં કેવી રીતે મુકવી તેને સમજાવીને તથા જીવનમાં જીવી બતાવીને આર્થિક સુધારણા તરફ નવો અભિગમ દર્શાવ્યો છે. જો ધનિકો વાલીપણાની વાત સમજાવટ અને તેમના હૃદય પરિવર્તન માટેની સમાજની ધીરજ પછી પણ નહીં જ સ્વીકારે તો નિયમોનો આશ્રય કેવી રીતે લેવાય તે ગાંધીજી જણાવે

છે. જો કોઈ પણ રીતે વાલીપણાની ભાવના ધનિકોમાં નહી જન્મે તો લોહિયાળ ક્રાંતિની શક્યતા ગાંધીજી જુએ છે.

વાલીપણાનો સિદ્ધાંત આજની મૂડીવાદી સમાજ વ્યવસ્થાને સમાનતાવાળ સમાજ વ્યવસ્થામાં પલટી નાખવા માટેનું સાધન છે. મૂડીવાદને તે આશ્રય આપતો નથી પણ આજના મૂડીદાર વર્ગને સુધરવાની તક આપે છે. માનવ સ્વભાવની સુધારણા માટે સદાય અવકાશ હોય છે. એ શ્રદ્ધા ઉપર તેનું મંડાણ છે.

પોતાના જ હિત માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છુટ રાખે તે સિવાય મિલકતની ખાનગી માલિકીનો હક તે માન્ય રાખતો નથી.

વ્યક્તિન પોતાના સ્વાર્થને સંતોષવા માટે સમાજના હિતની અવગણના થાય એ રીતે સંપતિ ધરાવવાની કે તેનો ઉપયોગ કરવાની છુંટ નહી હોય.

**૭. વિકેન્દ્રીકરણ :**

ઉત્પાદનનાં સાધનોની માલિકી વિકેન્દ્રિત હોય, ઉત્પાદનો સ્થાનિક ધોરણે થતાં હોય એટલે કે સમગ્ર દેશમાં આર્થક ઉત્પાદક પ્રવૃત્તિઓ વિસ્તરેલી હોય. ઉત્પાદક પ્રવૃત્તિઓમાં શ્રમિકોને મહત્તમ સ્થાન મળે એ રીતે શ્રમિકોની રોજગારી સમગ્ર દેશમાં વિસ્તરેલી હોય. વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા દેશનો ગ્રામ્ય ક્ષેત્રોને પ્રવૃત્તિમય રાખે તેથી સમગ્ર પ્રજા દેશમાં વિકેન્દ્રિત રીતે વસવાટ કરતી હોય. ઉત્પાદન અને અન્ય આર્થિક પ્રશ્નોના નિર્ણયો ગ્રામપંચાયતના ધોરણે લેવાતા હોય એટલે નિર્ણય લેવાની વ્યવસ્થા વિકેન્દ્રિત હોય. સ્થાનિક પ્રજાની જરૂરિયાતોની વસ્તુઓ મહદ્અંશે સ્થાનિક ક્ષેત્રે જ ઉત્પન્ન થતી હો અને વેચાતી હોય.

**૮. વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા :**

- ગાંધીજી આર્થિક વ્યવસ્થાની વ્યૂહરચના માટે વિકેન્દ્રીકરણને પસંદગી આપે છે. તેઓ કેન્દ્રીકરણનો વિરોધ કરે છે.
- કેન્દ્રીકરણથી થયેલી અર્થવ્યવસ્થા આર્થિક અસમાનતા અને હિંસાને જન્મ આપશે તેવી તેમની સમજણ છે. ગાંધીજીની અપેક્ષા અહિસામય સાધનોથી વિકાસ કરવાની છે માટે તે સ્પષ્ટ કરે છે કે, 'એક હાથમાં કે ઘણા થોડા હાથમાં અધિકાર કે વ્યવસ્થાનાં સૂત્રો રહે એ વસ્તુ સમાજની અહિંસક રચના સાથે મેળખાય એમ નથી.'

ઉત્પાદન અનેક હાથોથી થાય અને ઉત્પાદનનાં સાધનોની માલિકી અનેક વ્યક્તિઓ પાસે હોય ત્યારે વધુ ઉત્પાદન થાય જ અને તેવી અર્થવ્યવસ્થા તેઓ યોગ્ય માને છે.

વિકેન્દ્રીકરણના સંદર્ભમાં ગ્રામ્ય ક્ષેત્રોના વિકાસને ગાંધીજી ખાસ મહત્વ આપે છે. ભારતના સાત લાખ ગામડાઓમાં ભારતની ૭૦ ટકા પ્રજા વસે છે. તેમને ત્યાં જ રોજી મળે અને તેમનો ત્યાં વિકાસ થાય તેને તેઓ આદર્શ સ્થિતિ ગણે છે.

**૯. સહકાર :**

'ગામડાના લોકો એ મળી સમજીને ખેતી કરવાનો સિદ્ધાંત અપનાવવો જોઈએ. ગ્રામસેવક પોતાને ત્યાં પરિસ્થિતિની પુરી તપાસ કરશે અને લોકોને સહકારી ખેતી કરવા સમજાવશે.'

'સૌ ખેડૂતો ગામની બધી જમીન સહકારથી ખેડે અને આવક વહેંચી લે જે ખેતી ને તે જ પશુનેય લાગુ પડે છે.'

સહકારી ખેતીની ઉપયોગિતા અંગે ગાંધીજી પુરા જાગૃત છે. પરંતુ તે માટે પણ જબરજસ્તી તો ન જ કરાય. તેઓ હિટલરની સહકારી પદ્ધતિનું ઉદાહરણ આપીને તે પ્રકારનો સહકાર નિષ્ફળ જાય છે તે પુરવાર કરે છે. તેઓ કહે છે સારા કામને માટેય જબરજસ્તી કરવાથી માણસનું વ્યક્તિત્વ નાશ પામે છે. અહિંસક અસહકારની એટલે કે પ્રેમની સમજાવટની પદ્ધતિથી સામાજિકને એવા બીજા ફેરફારો થાય તેનાથી કાયમી પ્રગતિને ખાતરી આપી શકાય છે.

**૧૦. કેળવણી :**

કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર લાવવા.

શિક્ષણમાં પ્રારંભથી જ શ્રમનું ગૌરવ વધવું જોઈએ એવી એમની અપેક્ષા છે. 'બાળકોને બચપણથી આવી મજુરીનું ગૌરવ શીખવાડવું જોઈએ. આપણાં બાળકોને એવું શિક્ષણ ન આપવું જોઈએ કે જેથી મજુરી પ્રત્યે તેમને સુગ ચડે. આપણા શાળા એ જતાં બાળકો શરીરશ્રમ પ્રત્યે ધૃણા નહી પણ ના ખુશીની જનરે જુએ છે એ દુઃખની વાત છે.'

- **અર્થશાસ્ત્રના સંદર્ભમાં ગાંધીજીના પ્રાથમિક કેળવણીના વિચારો નીચે મુજબ છે:**

૧. તે ફરજિયાત અને મફત હોય.

૨. દેશને માટે ગૌરવ અને સમાન વધારનાર હોય. જેથી દેશ માટે કામ કરવાની ભાવના વિકસે.

૩. શારીરિક શ્રમનું ગૌરવ કરનાર હોય અને ઉત્પાદક શ્રમ કરાવીને શિક્ષણ અપાતું હોય, જેથી શ્રમ માટે સમાન રહે.

૪. ગણિત, ઓજારોની બનાવટ અને ઉપયોગિતા સ્થાનિક ભાષા અને રાષ્ટ્રભાષા શીખવાતો હોય.

૫. ગૃહઉદ્યોગો અને ખેતીના પ્રત્યક્ષ અનુભવથી શિક્ષણ અપાય.

૬. સાત વર્ષ સુધીમાં પ્રાથમિક શિક્ષણ અપાતું હોય.

૭. મેટ્રિક સુધી અંગ્રેજી ભાષાનો સમાવેશ કરવામાં ન આવ્યો હોય.

**સંદર્ભ**

- વિરલ અર્થશાસ્ત્રી : ગાંધીજી, લેખક : ડા. ઉષા અરૂણ ચતુર્વેદી, યજ્ઞ પ્રકાશક, એપ્રિલ-૨૦૦૪

- www. sahitysetu.co.in/issue56/sadhna.html